વૈવિધ્ય

## તમારા પાલતુ પ્રાણીઓ માટે અપનાવો

# ઇનોવેટીવ અને સ્માર્ટ એસેસરીઝ



**ઘરમાં પાલતુ પ્રાણી રાખવાનો ટ્રેન્ડ ચાલે છે પરંતુ તેમને આપણા વ્યસ્ત શિડ્યુલમાં મેનેજ કરવાનું ક્યારેક મુશ્કેલ થઇ જાય છે. આજના આધુનિક ટેકનોલોજીના યુગમાં પેટ ઓનર્સ પોતાના પેટ્સને સાચવવા માટે આધુનિક પેટ એસેસરીઝનો ઉપયોગ કરે છે જે પેટ્સના સ્વાસ્થ્ય, સુખાકારી અને સલામતીની દ્રષ્ટિએ ઉત્તમ હોય છે. તો ચાલો જોઈએ ઇનોવેટીવ પેટ એસેસરીઝ ...**

### સ્માર્ટ અને ટેક્નોલોજીયુક્ત સાધનો:

ભારતના મોડર્ન પેટ પેરન્ટ્સ તેમની વ્યસ્ત જીવનશૈલી અને તેમના પાલતુ પ્રાણીની સલામતી



અને સુખાકારી વચ્ચે સંતુલન જાળવવા ટેક્નોલોજી તરફ વળી રહ્યાં છે. GPS ટ્રેકર્સ અને સ્માર્ટ કોલરથી રીયલ ટાઈમ લોકેશન ટ્રેક કરી શકાય છે, એક્ટીવીટી મોનીટરીંગ, અને ઊંઘ અને કેલેરી બર્ન જેવી આરોગ્યલક્ષી બાબતો પણ જણાવે છે જે મોટી સોસાયટીમાં રહેતાં લોકો તેમ જ સ્વતંત્ર બંગલામાં રહેતાં લોકોમાં ઘણા ઉપયોગી થઈ પડે છે. Appથી નિયંત્રિત કરી શકાય તેવા ફીડર અને વોટર ફાઉન્ટેન વ્યાવસાયિક લોકોમાં આકર્ષણનું કેન્દ્ર છે કારણ કે લોંગ વર્કિંગ ડે હોય કે પછી ઘરથી દૂર નાની ટ્રીપ હોય ત્યારે પણ સમયસર યોગ્ય માત્રામાં તેમને ભોજન આપી શકાય છે અને ફ્રેશ વોટર પણ ઉપલબ્ધ કરાવી આપે છે.

### હેલ્થ અને કમ્ફર્ટ એસેસરીઝ :

પેટ હેલ્થકેર અંગે વધતી જાગૃતિને કારણે આરામદાયક સાધનો હવે વૈકલ્પિક વૈભવ નથી રહ્યાં. ઓર્થોપેડીક પથારી કે જે ઘણી વાર મેમરી ફોમથી બનાવવામાં આવે છે, તે વૃદ્ધ કૂતરાઓ અને સાંધાની સમસ્યાથી પીડાતા પ્રાણીઓમાં લોકપ્રિય છે. તે જ રીતે, વીજળી વગર કુલીંગ મેટ્સ ઉનાળામાં પણ તેમના શરીરનું તાપમાન નિયંત્રિત રાખે છે. ઈલેક્ટ્રિક બ્રશ અને ડી-શેડિંગ જેવા સ્માર્ટ ગ્રુમીંગ ટૂલ્સ તેમના સ્વાસ્થ્યને જાળવવામાં મદદરૂપ થાય છે જેના કારણે સલૂનમાં ઓછું જવું પડે છે અને તીવ્ર શેડિંગ વખતે સ્વચ્છતા પણ જળવાઈ રહે છે.

### ઇન્ટરેક્ટીવ રમકડાં અને સંવર્ધન :



પાલતુ પ્રાણીઓના ઉછેર માટે આધુનિક યુગમાં માનસિક ઉત્તેજના મુખ્ય કેન્દ્ર બની ગઈ છે. કંટાળો દૂર કરવા માટે હિંસક વર્તન ન કરે તે માટે અને સેપરેશન એન્ઝાયટી દૂર કરવા માટે મોશન એક્ટીવેટેડ રમકડાં અને અંતે ભેટ મળે તેવી પઝલ ગેમ ઘણાં પ્રિય છે. વળી, આ રમકડાં પઝલ સોલ્વીંગ એબીલીટીને અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે અને પેટ્સ જયારે એકલાં હોય ત્યારે તેમને વ્યસ્ત રાખવામાં મદદરૂપ થાય છે. ભારતીય ગ્રાહકો પણ ટકાઉ અને સલામત મટીરિયલ પસંદ કરે છે જેથી પેટ્સ આક્રમક રીતે ચાવે તો પણ નુકસાન ન થાય.




### મુસાફરી અને આઉટડોર ગિયર :

જેમ જેમ વધુ ભારતીયો તેમના પાલતુ પ્રાણીઓ સાથે કાર, ટ્રેન અથવા હવાઈ મુસાફરી માટે અનુકૂળ એસેસરીઝ સાથે મુસાફરી કરે છે તેમ તેમ તેમની માંગ વધતી જાય છે. ફોલ્ડેબલ બાઉલ, પોર્ટેબલ પાણીની બોટલ અને કાર હર્નેસ રોડ ટ્રીપને વધુ સુરક્ષિત અને વધુ અનુકૂળ બનાવે છે. વેન્ટીલેટેડ કેરિયર્સ અને બેક્પેક્સ કૂતરા અને બિલાડી માટે અનુકૂળ હોય છે.

આ એસેસરીઝ દર્શાવે છે કે આપણા રોજિંદા જીવનમાં પેટ્સનો પણ સમાવેશ થઈ શકે છે પછી તે વિકેન્ડમાં બહારગામ જવાનું હોય કે દરરોજ કોઈ કાફેમાં જવાનું હોય કે પછી બહાર ચાલવા જવાનું હોય.

### શાંત કરવા માટે અને વર્તન સહાયકો



તહેવારોની ઉજવણી વખતે, ધોધમાર વરસાદમાં વીજળીના કડાકા થતા હોય ત્યારે અને ટ્રાફિકને કારણે થતાં અવાજ કે ઘોંઘાટને કારણે પ્રાણીઓમાં નોઈઝ સેન્સીટીવીટી વધી જાય છે. આવા સમયે તેમને શાંત રાખવાનાં ઉપકરણોની જરૂરિયાત ઊભી થાય છે. વજનવાળા વેસ્ટ અને શાંત પથારી [કામિંગ બેડ્ઝ] હળવા દબાણ દ્વારા સુરક્ષાની ભાવના પ્રદાન કરે છે. અરોમાથેરાપી સ્પ્રે અને ડીફ્યુઝર તણાવ ઘટાડવા માટે પાલતુ પ્રાણીઓ માટે સલામત એવા તેલનો ઉપયોગ કરે છે. ભારતના ઉચ્ચ ઉત્તેજનાવાળા વાતાવરણમાં તુરંત એન્ઝાયટી થઈ જાય તેવા પ્રાણીઓ માટે ઔષધીય સહાય તરીકે ટ્રેનર્સ અને પશુ ચિકિત્સકો આવા ઉત્પાદનોની ભલામણ વધુ ને વધુ કરી રહ્યા છે.

### ફેશન અને વૈયક્તિકરણ :

ભારતમાં પાલતુ પ્રાણીઓની ફેશન નવીનતાથી આગળ વધીને અભિવ્યક્તિ અને સલામતીના સ્વરૂપમાં વિકસી રહી છે. વહેલી સવારે અને મોડી રાત્રે કે જયારે ઓછો પ્રકાશ હોય ત્યારે ચાલવા માટે પ્રતિબિંબિત હર્નેસ અને LED કોલર સરળતાથી જોઈ શકાય તેવા હોવાથી તેનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત, દિવાળી સમયે અને લગ્ન સમયે પેટ્સને પહેરાવાતાં એથનિક, ફેશનેબલ અને પર્સનાલાઈઝ્ડ ક્લોધિંગ દર્શાવે છે કે તેઓ આપણા પરિવાર અને સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો બની ગયા છે. કસ્ટમ નેમ ટેગ્સ, ડીઝાઈનર કોલર અને બ્રીડ સ્પેસિફિક ફીટસ આ ટ્રેન્ડને વધુ મજબૂત બનાવે છે.